# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા શિક્ષક દિવસની વિશિષ્ટ ઉજવણી



ગાંધીનગર, તા. ૭

શ્રેષ્ઠ શિક્ષકો પુસ્તકથી નહીં પણ હૃદયથી ભણાવે છે, જે બાળકોનાં મગજ સુધી નહીં પણ દિલ સુધી પહોંચે છે. આ ઉક્તિને સાર્થક કરતા શ્રેષ્ઠ શિક્ષક એવા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસની ઉજવણી સમગ્ર ભારતમાં શિક્ષક દિવસ તરીકે કરાય છે. રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શિક્ષક દિવસની ઉજવણી નિમિત્તે સ્પેશિયલ એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એસેમ્બલી શિક્ષકો દ્વારા બાળકો માટે યોજવામાં આવી હતી. શિક્ષકોએ પ્રસંગને અનુરૂપ સુંદર ગીત અને નાટકની ભજવણી કરી હતી. બાળકોએ પણ શિક્ષકો માટે વિવિધ રમતોનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષણકાર્યની જવાબદારી પણ અદા કરી હતી. વિદ્યાર્થીઓએ શિક્ષકોને આભારદર્શન કરતાં કાર્ડ્સ પણ આપ્યાં હતાં.

# આર એન પટેલ સ્કૂલમાં શિક્ષક દિવસની ઉજવણી






સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે શિક્ષક દિવસની ઉજવણી શાનદાર રીતે કરવામાં આવી હતી. ૯૧ વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં ભાગ લીધી હતો અને સમગ્ર શાળાનું શિક્ષણ તથા સંચાલનનું કાર્ય ઉપાડી લીધું હતું. દિવસના અંત ભાગમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષણના અનુભવો રજૂ કર્યા હતા. શિક્ષક દિવસ નિમિત્તે શાળાના આચાર્યની ભૂમિકા માધવી ચંદ્રકાન્તભાઈ પટેલે તથા સુપરવાઈઝરની ભૂમિકા હેપ્પી જે પટેલ અને જીનેશ કે ગૌતમીએ અદા કરી હતી.

## જન્મદિને વધામણી



વિનોદ ડી રાદડીયા
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ
મો. ૯૮૨૫૦ ૨૭૭૭૫



સાત્ત્વિક ત્રિવેદી
મો. ૯૯૨૪૬ ૯૯૨૪૭



હિતાર્થ મેહુલ દોશી
જૈન સોશિયલ ગ્રૂપ
મો. ૮૧૪૧૧ ૭૫૪૫૯



મનિષાબેન એ જૈન

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ



સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં શિક્ષક દિનની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ૭૧ વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં ભાગ લઈ એક દિવસ માટે સમગ્ર શાળાનું શિક્ષણકાર્ય સંભાળી લીધું હતું. વિદ્યાર્થીઓ, શિક્ષકો દ્વારા કાર્યક્રમને અનુરૂપ વક્તવ્યો પણ રજૂ થયાં હતાં. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના એક દિવસના શિક્ષણકાર્યના અનુભવો પણ વ્યક્ત કર્યા હતા. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ સૌ વિદ્યાર્થીઓને શિક્ષકના વ્યવસાયને માન આપવા તથા તેમના ગૌરવને વધારવા માટે અપીલ કરી હતી.



ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શિક્ષક દિવસની ઉજવણી ઉમંગ અને ઉત્સાહથી કરવામાં આવી હતી. ૭૭ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી સ્કૂલના એક દિવસના શિક્ષણકાર્યની જવાબદારી અદા કરી હતી. દિવસના આખર ભાગમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષણ કાર્યના અનુભવો સ્કૂલના અન્ય વિદ્યાર્થીઓ સાથે વહેંચ્યા હતા. શિક્ષક તરીકે શ્રેષ્ઠ કામગીરી કરનારા વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા બિરદાવી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.



ગાંધીનગર, તા. ૭

વેદ ગ્રૃપ સંચાલિત આરાધના વિદ્યાવિહાર ખાતે શિક્ષક દિવસની ઉજવણી ઉત્સાહી વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ એક દિવસનું શિક્ષણકાર્ય ઉપાડી લીધું હતું અને શાળાના સંચાલનમાં પણ ભાગીદારી નોંધાવી હતી. શિક્ષક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષકો પ્રતિ આભાર અને આદરની લાગણી પણ પ્રગટ કરી હતી.

# સરકારી વિનયન કૉલેજ ખાતે દસ્તાવેજો-સિક્કાઓનું પ્રદર્શન



ગાંધીનગર, તા. ૭

સરકારી વિનયન કૉલેજ ,ગાંધીનગરના ઈતિહાસ વિભાગના ઉપક્રમે વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. આર બી કોઠારી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય દફતર ભંડાર, ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી શાહ દ્વારા 'અભિલેખાગાર અને ઈતિહાસ' વિષયે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. વકતવ્યમાં તેમણે અભિલેખોના મહત્ત્વ અંગે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી અને સંશોધનકાર્યમાં અભિલેખોની ઉપયોગિતા અંગે જાણકારી આપી હતી.

અધ્યાપક તસ્નીમ શેખ દ્વારા સિક્કાઓ વિશે માહિતી આપવામાં આવી હતી અને મંજુરહુસેન આઈ શેખ દ્વારા સિક્કાઓનું પ્રદર્શન યોજવામાં સક્રિય સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. આભાર દર્શન અધ્યાપક રાજેશ ભાભોર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અલભ્ય દસ્તાવેજો અને સિક્કાઓનું એક દિવસીય પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેનો લાભ મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ લીધો હતો.

# બાળ કેળવણી

॥ બીજો મણકો ॥

ઓફિસ અઢી માઈલ હતી. એટલે સવારસાંજ માલી ઓછામાં ઓછા પાંચ માઈલની કસરત તેમને અને મને મળી રહેતી. રસ્તે ચાલતાં કંઈક શીખવવાનો પ્રયત્ન કરતો, પણ તેયે જો મહેતાઓના પ્રસંગમાં આવે, કંઈક વાંચવાનું આપ્યું હોય તે વાંચે, આંટાફેરા કરે, બજારની સામાન્ય ખરીદી હોય તે કરે. સહુથી મોટા હરિલાલ સિવાય બધા બાળકો આ રીતે ઊછર્યા. હરિલાલ દેશમાં રહી ગયો હતો. જો હું તેમને અક્ષરજ્ઞાન આપવા સારુ એક કલાક પણ નિયમિત બચાવી શક્યો હોત તો હું એમ માનત કે તેઓ આદર્શ કેળવણી પામ્યા છે. એવો આગ્રહ મેં ન રાખ્યો એ દુઃખ મને અને તેમને રહી ગયું છે. સહુથી મોટા દીકરાએ તેનો બળાપો અનેક વેળા મારી પાસે તેમ જ જાહેરમાં કાઢ્યો છે, બીજાઓએ હૃદયની ઉદારતા વાપરી એ દોષને અનિવાર્ય સમજી દરગુજર કર્યો છે. આ ઊણપને સારુ મને પશ્વાત્તાપ નથી; અથવા છે તો એટલો જ કે હું આદર્શ બાપ ન નીવડ્યો. પણ તેમના અક્ષરજ્ઞાનનો હોમ પણ મેં ભલે અજ્ઞાનથી છતાં સદ્ભાવે માનેલી સેવાને અર્થે કર્યો છે એવો મારો અભિપ્રાય છે. તેમનાં ચારિત્ર ઘડવા પૂરતું જે કંઈ કરવું ઘટે તે કરવામાં મેં ક્યાંયે ઊણપ નથી રાખી એમ કહી શકું છું. ને પ્રયેક માબાપની આ અનિવાર્ય ફરજ છે એમ હું માનું છુ. મારી મહેનત છતાં તે મારા બાળકોના ચારિત્રમાં જ્યાં ખામી જોવામાં આવી છે તે અમ દંપતીની ખામીઓનું પ્રતિબિંબ છે એવી મારી દ્દઢ માન્યતા છે.





છોકરાંમાં માબાપની આકૃતિનો વારસો જેમ ઊતરે છે તેમ તેમના ગુણદોષનો વારસો પણ ઊતરે જ છે. તેમાં આસપાસના વાતાવરણને કારણે અનેક પ્રકારની વધઘટ થાય છે ખરી, પણ મૂળ મૂડી તો બાપદાદા ઈત્યાદિ તરફથી મળેલી હોય છે તે જ ખરી. એવા દોષોના વારસામાંથી કેટલાંક બાળકો પોતાને બચાવી લે છે એમ મેં જોયું છે. એ આત્માનો મૂળ સ્વભાવ છે, તેની બલિહારી છે.

પોલાક અને મારી વચ્ચે આ બાળકોની અંગ્રેજી કેળવણી વિશે કેટલીક વાર તીખો સંવાદ થયેલો. મેં અસલથી જ માનેલું છે કે, જે હિંદી માબાપો પોતાના બાળકોને બચપણથી જ અંગ્રેજી બોલતાં કરી મૂકે છે તેઓ તેમનો અને દેશનો દ્રોહ કરે છે. મેં એમ પણ માન્યું છે કે, આથી બાળકો પોતાના દેશના ધાર્મિક અને સામાજિક વારસાથી વંચિત રહે છે, ને તેટલે અંશે દેશની તેમ જ જગતની સેવા કરવા ઓછા લાયક બને છે. આવી માન્યતાને લીધે હું હમેશાં ઈરાદાપૂર્વક બાળકોની સાથે ગુજરાતીમાં જ વાતો કરતો.પોલાકને આ ન ગમતું. હું બાળકોના ભવિષ્યને બગાડું છું એવી તેમની દલીલ હતી. અંગ્રેજી જેવી વ્યાપક ભાષા બાળકો બચપણથી શીખી લે તો જગતમાં એમ ચાલતી જિંદગીની હરીફાઈમાં તેઓ એક મોટો ટપ્પો સહેજે ઓળંગી જાય, એમ તે મને આગ્રહ અને પ્રેમપૂર્વક સમજાવે. મને એ દલીલ ગળે ન ઊતરી. હવે મને સ્મરણ નથી કે અંતે મારો ઉત્તર તેમને ગળે ઊતરેલો કે તેમણે મારી હઠ જોઈને શાંતિ પકડેલી. આ સંવાદને લગભગ વીસ વર્ષ થયા. છતાં મારા આ વિચારો જે મેં તે વેળા ધરાવેલા તે જ અનુભવે વધારે દ્દઢ થયા છે. અને જોકે મારા પુત્રો અક્ષરજ્ઞાનમાં કાચા રહી ગયા છે, છતાં માતૃભાષાનું સામાન્ય જ્ઞાન સહેજે પામી શક્યા તેથી તેમણે અને દેશને લાભ જ થયો છે ને અત્યારે તેઓ પરદેશી જેવા નથી થઈ રહ્યા. તેઓ દ્વિભાષિયા તો સહેજે થયા, કેમ કે મોટા અંગ્રેજ મિત્રમંડળના સહવાસમાં આવવાથી ને જ્યાં વિશેષ અંગ્રેજી બોલવામાં આવે એવા દેશમાં રહેવાથી અંગ્રેજી બોલતા ને સામાન્ય લખતા થઈ ગયા.

**સૌજન્ય : સત્યના પ્રયોગો**

# ભાડજના હરે કૃષ્ણ મંદિરમાં રાધાષ્ટમી ઉજવાઈ





ગાંધીનગર, તા. ૭

હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે શ્રી રાધાષ્ટમી ઉત્સવ ખૂબ જ ભાવપૂર્વક ઉજવાયો હતો જે શ્રી કૃષ્ણના સર્વોપરી પ્રિયતમા શ્રીમતી રાધારાણીના અવતરણના શુભ દિનની યાદગીરી તરીકે ઉજવાય છે. જન્માષ્ટમી ઉત્સવ પછીના ૧૫ દિવસના અંતે ભાદરવા સુદ આઠમના દિવસે રાધાષ્ટમી ઉત્સવ આવે છે. કૃષ્ણભક્તો માટે શ્રી રાધાષ્ટમી ઉત્સવ પણ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ જેટલું જ મહત્વ ધરાવે છે. વૃંદાવનની બધી ગોપીઓમાં શ્રીમતી રાધારાણીને મુખ્ય ગોપી તરીકે ખૂબ જ ભાવપૂર્વક પૂજવામાં આવે છે. શ્રીમતી રાધારાણી એ ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની શુદ્ધ ભક્તિનો સાર છે. કૃષ્ણ ભક્તિ દ્વારા ભક્તો શ્રીમતી રાધારાણીની આ દિવસે વિશેષ પૂજા અને પ્રાર્થના કરી હતી.

હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે આ દિવસે શ્રી શ્રી રાધા માધવને ભવ્ય પ્રકારના વસ્ત્રો પહેરાવીને તથા અલંકારો અને સુગંધીદાર પુષ્પોથી શણગારવામાં આવ્યા હતા. મંદિરના ગર્ભગૃહને પણ જાતજાતના રંગબેરંગી પુષ્પોથી શણગારવામાં આવતા ચૌતરફનું વાતાવરણ આનંદમય અને સુંગધીદાર પુષ્પોથી સુશોભિત થયુ હતું. શ્રી શ્રી રાધામાધવ ના આશીર્વાદ મેળવવા ભક્તો દ્વારા ખાસ વિવિધ સેવાઓ અર્પણ કરવામાં આવી હતી જેમકે ૧૦૮ વિવિધ પ્રકારના પકવાનના રાજભોગનુ અર્પણ, ૭ પવિત્ર નદીઓમાંથી એકત્રિત કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા મહાભિષેક, ઋગવેદમાં વર્ણવવામા આવેલ 'પુરૂષ સૂક્ત' નું પઠન, તેમજ ભક્તો દ્વારા શ્રીમતી રાધારાણીનું મહત્વ અને તેમના દિવ્ય ગુણોનું વર્ણન કરતાં કિર્તન અને ભજનો ગાવામાં આવ્યા હતા.

ઉત્સવના અંતમાં મહા મંગલા આરતી અને ભવ્ય પાલકી ઉત્સવ પણ યોજાયો હતો. જયારે ભકતો દ્વારા શ્રીલ રૂપ ગોસ્વામી કે જેઓ વૃંદાવનમાં ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુના સર્વોચ્ચ ભક્ત હતા, તેમના દ્વારા રચિત શ્રી રાધીકાષ્ટકનું ગાન કરાયું હતું.